| એકમ 17 | સામયિક પ્રકાશનો |
|---|---|

# એકમ 17 સામયિક પ્રકાશનો

## રૂપરેખા


**17.0** ઉદ્દેશો

**17.1** પ્રસ્તાવના

**17.2** સામયિક પ્રકાશનોનું સ્વરૂપ

- **17.2.1** વ્યાખ્યા
- **17.2.2** ક્રમિક પ્રકાશન વિરુદ્ધ સામયિક પ્રકાશન
- **17.2.3** સામયિકોના સૂચિકરણની સમસ્યાઓ
- **17.2.4** સામયિકોની વિશિષ્ટતાઓ

**17.3** સામયિકોના સૂચિકરણના નિયમો અને પ્રક્રિયાઓ

- **17.3.1** મુખ્ય સંલેખ
- **17.3.2** વર્ગ નિર્દેશી સંલેખ
- **17.3.3** સંચિત અનુક્રમણિકા

**17.4** સામયિક પ્રકાશનનાં ઉદાહરણો

**17.5** ક્રમિક પ્રકાશનો

**17.6** સારાંશ

**17.7** તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**17.8** સંદર્ભ અને વિશેષ વાચન


## 17.0 ઉદ્દેશો (Objectives)

આપણે આગળના પ્રકરણોમાં ગ્રંથોના સૂચિકરણ અંગેની જાણકારી મેળવી પરંતુ ગ્રંથાલયોમાં માત્ર ગ્રંથો જ સંગ્રહિત નથી કરવામાં આવતા, ગ્રંથ ઉપરાંત સામયિકો પણ એક અગત્યના માહિતી સ્રોત ગણાવી શકાય.

વિશિષ્ટ ગ્રંથાલયો ઉપરાંત સંશોધન ગ્રંથાલયો માટે સામયિકોનું આગવું મહત્ત્વ રહેલું છે. સામયિકો નિશ્ચિત સમયાવધિ એ પ્રકાશિત થતા હોય છે, જેમકે માસિક, પાક્ષિક, છ માસિક કે અર્ધ વાર્ષિક વગેરે. આવા સામયિકોના અંકો વર્ષના અંતે બંધાવવામાં આવતા હોય છે અને આ દ્વારા તેની ગ્રંથાલયમાં જાળવણી કરવામાં આવે છે. સામયિકનું સ્વરૂપ ગ્રંથ કે પુસ્તક કરતા અલગ હોવાથી તેનું સૂચિકરણ કરવા

માટેના નિયમો પણ અલગ જ આ એકમના અભ્યાસ દ્વારા તમે નીચે મુજબની જાણકારી મેળવશો :

સામયિક પ્રકાશનોની વૈવિધ્યતા સમજશો ; સામયિકોના સૂચિકરણ અંગે માહિતગાર થશો. પ્રજાને વાર્ષિકીઓ, વાર્ષિક અહેવાલો જેવા વાર્ષિક પ્રકાશનો અને સમયાંતરે યોજાતી પરિષદોની કાર્યવાહીઓનું સૂચિકરણ કરવામાં સક્ષમ બનશો.

## 17.1 પ્રસ્તાવના (Introduction)

સામયિક પ્રકાશનો સંશોધનના આધારસ્થંભ હોય છે. વિશિષ્ટ ગ્રંથાલયોના ઉપયોગકર્તાઓ પોતાના વિષયક્ષેત્રમાં થઈ રહેલ સંશોધન કે નવીન વિકાસોની જાણકારી મેળવવા આવા સામયિક પ્રકાશનો પર જ - મુખ્યત્વે આધાર રાખતા હોય છે. પુસ્તકો કે ગ્રંથો વગેરેમાં માત્ર તેના પ્રકાશન સુધીની જ વિષયની માહિતી સમાવિષ્ટ હોય છે પરંતુ સામયિક ચત પ્રકાશનોમાં અર્થન માહિતી સમાવિષ્ટ હોય છે આથી સામયિક પ્રકાશનોનું ઇ-8 મહત્ત્વ અને ઉપયોગીતાને ધ્યાનમાં રાખી ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં તેના સંગ્રહ પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે. આમ, ગ્રંથાલયોમાં તેના મહત્વને ધ્યાનમાં રાખી તેનું વૈજ્ઞાનિક રીતે વ્યવસ્થાપન કરવું એ વર્તમાન યુગની આવશ્યકતા બની ગઈ છે. આ એકમમાં આપને સીસીસીમાં સામયિક પ્રકાશનના સૂચિકરણ અંગેના નિયમોનો અભ્યાસ કરીશું.

## 17.2 સામયિક પ્રકાશનોનું સ્વરૂપ (Nature of Periodical Publication)

સામાન્ય રીતે ક્રમશઃ ભાગોમાં નિશ્ચિત સમયાવધિમાં વિશિષ્ટ અંક સંખ્યામાં પ્રકાશિત કરવામાં આવતા અને નિયમિતરીતે અનિશ્ચિતકાળ સુધી ચાલતા પ્રકાશનને સામયિક પ્રકાશન કહી શકાય. આવા પ્રકાશનોમાં સમાચારપત્રો, સામયિકો, વાર્ષિક પ્રકાશનો, સંસ્મરણો, પરિષદની કાર્યવાહીઓ, સંસ્થાની કાર્યવાહીઓ અને મોનોગ્રાફ સંબંધિત ગ્રંથમાળાનો સમાવેશ કરી શકાય છે.

### 17.2.1 વ્યાખ્યા

ડૉ રંગનાથને સીસીસીના પ્રકરણ EFIમાં સામયિક પ્રકાશનની વ્યાખ્યા નીચે મુજબ આપી છે. સામયિક પ્રકાશનનો પ્રત્યેક ભાગ વિશિષ્ટ અને સ્વતંત્ર અંશ લેખો વાળો હોય છે જે વિશિષ્ટ વિષયો સાથે સંબંધિત હોય છે પરંતુ કોઈને ધારાવાહિક રૂપે અભિવ્યક્ત નથી કરતો, સામાન્યરીતે લેખક અનેક હોય છે અને ક્રમિક ભાગો કે ખંડોના વિષયો અને લેખકો અલગ અલગ હોય છે અને તમામ વિષયો કોઈ એક જ જ્ઞાન સાથે સંબંધિત હોય છે. તેનું પ્રકાશન એક પૂર્ણ ખંડમાં નથી હોતું પરંતુ, આંશિક ખંડોમાં હોય છે જેને અંક (1) કહેવાય છે.”

દા.ત. Indian Journal of Mathematical Sciences.

Journal of Atomic Physics

Journal of Physical Chemistry

**ક્રમિક પ્રકાશન**

(૧) કોઈ પણ પ્રકાશન જે ક્રમિક ભાગો (Successive part)માં સામાન્ય પણે નિયમિત રીતે ચોક્કસ સમયાંતરે પ્રકાશિત થાય છે અને નિયમ મુજબ અનિશ્ચિત સમય સુધી સતત પ્રકાશિત થવાનો ઈરાદો ધરાવે છે. જેમાં સામયિકો, સમાચારપત્રો, વાર્ષિક પ્રકાશનો, ક્રમાંક ધરાવતી મોનોગ્રાફ ગ્રંથમાળા અને પરિષદ કાર્યવાહીઓ સંસ્થાઓની કાર્યવાહીઓ તેમજ સંસ્મરણોનો સમાવેશ થાય છે. ક્રમિક પ્રકાશનો ગ્રંથમાળાથી જુદા છે તે બાબત વિશે કોઈ શંકા રહેવી ન જોઈએ.

(૨) ક્રમિક પ્રકાશન એ એવો ગ્રંથ છે કે જેના ભાગો અથવા ગ્રંથો (Volumes) એક સમાન આખ્યા હેઠળ ક્રમિક રીતે પ્રકાશિત થાય છે, તેમજ અનિશ્ચિત સમય સુધી સતત પ્રકાશિત થવાનો નિર્ણય લીધેલો હોય છે. એ જરૂરી નથી કે તે ચોક્કસ સમયાંતરે પ્રકાશિત થતા હોય.

**સામયિક પ્રકાશન**

કોઈ વિશિષ્ટ આખ્યા સાથેનું પૂર્વ નિર્ધારિતત અથવા નિયમિત સમયાંતરે થતું પ્રકાશન કે જેનો છેલ્લો અંક પ્રકાશિત થશે થેતો નિર્ણય અગાઉથી લીધેલો હોતો નથી. તેમાં લેખો, વાર્તાઓ અથવા વિવિધ યોગદાર આપનારાઓના અન્ફ લખાણો પ્રકાશિત થતા હોય છે. સૂચિકરણના નિયમ હેઠળ સમાચારપત્રો (કે જેનું મુખ્ય કાર્ય સમાચારોના પ્રસારણનું છે અને સંસ્મરણો, કાર્યવાહીઓ, મંડળના સામયિકો વગેરેને સામયિકોની કક્ષામાં ગણવામાં આવતાં ભરાયેલી યુનેસ્કોની સામાન્ય પરિષદમાં સામયિક પ્રકાશનની આ વ્યાખ્યા સાથે સંમતિ મળેલ છે, ''જો તેના અંકોને એક જ આખ્યા હેઠળ સળંગ ગ્રંથમાળામાં તૈયાર કરવામાં આવ્યા હોય, તેને નિયતકાલીન કે અનિતકાલીન સ્વરૂપમાં અનિશ્ચિત સમય સુધી પ્રકાશિત કરવાનું નિશ્ચિત કરવામાં આવ્યું હોય તેમજ ગ્રંથમાળાના પ્રત્યેક અંકને ક્રમિકતા આપવામાં આવેલી હોય, અર્થાત્ પ્રત્યેક અંક કોઈ ચોક્કસ ક્રમાંક ધરાવતો હોય.'' આંકડાકીય પ્રલેખમાં તેની આખ્યામાં પરિવર્તન હોય કે ન હોય પણ એક સામયિક-પ્રકાશનનો ક્રમ આપવાની પદ્ધતિ હોય છે. જ્યારે સંખ્યાકીય પદ્ધતિમાં કોઈ પરિવર્તન હોય છે ત્યારે આખ્યામાં પરિવર્તન હોય કે ન હોય તો પણ નવો ક્રમ એક એક સંખ્યાથી શરૂ કરવામાં આવે છે, જેને સામયિક પ્રકાશનનું અલગ એકમ માનવામાં આવે છે.

રંગનાથને સીસીસી (આ.પ.)ના વિભાગ FF11માં સામયિકની વ્યાખ્યા આપી છે.

સીસીસીમાં સામયિક પ્રકાશનની નીચે મુજબ વિશેષતાઓ દર્શાવી છે.

(૧) જેનો એક ગ્રંથ અથવા ગેંથોનો સમૂહ જે સામાન્ય રીતે વર્ષમાં એક વાર (અથવા કોઈ ચોક્કસ સમયાંતરે) પૂર્ણ થાય છે અથવા પ્રકાશિત કરવાનું નિશ્ચિત કરવામાં આવે છે. આમ છતાં પ્રકાશનની અવધિમાં બિલકુલ અનિયમિતતા નહીં હોય એમ કહી શકાય નહીં.

(૨) પ્રત્યેક ક્રમિક ગ્રંથ અથવા સામયિકના ગ્રંથ સમૂહને સામાન્ય રીતે પ્રકાશન વર્ષથી અને/અથવા સરળ કે જટીલ ક્રમદર્શક અંકની પદ્ધતિના અંક દ્વારા ઓળખવામાં આવે છે. આવા ગ્રંથને સામાન્યપણે ગ્રંથનો અંક કહેવામાં આવે છે.

(૩) હંમેશ માટે ગ્રંથનું (અંકોનું) પ્રકાશન કરવાનો નિશ્ચય કરવામાં આવેલો હોય છે, આમ છતાં વાસ્તવમાં એમ થતું નથી.

તમામ ગ્રંથોમાં સમાન એક જ આખ્યાથી પ્રકાશન ચાલુ રાખવાનું નિશ્ચિત થયેલું હોય છે. આમ છતાં વાસ્તવમાં આમ થતું નથી.

### 17.2.2 ક્રમિક પ્રકાશન વિરુદ્ધ સામયિક પ્રકાશનઃ

સામયિક પ્રકાશનોની શ્રેણીમાં આવતા ગ્રંથો અલગ અલગ તેમજ સ્વતંત્રરીતે મળેલ યોગદાનોથી તૈયાર થાય છે, જેમાં એકસૂત્રતા નથી હોતી. સામયિક પ્રકાશનમાં વિવિધ લેખકોનું યોગદાન હોય છે તેમજ તે જ્ઞાનવિશ્વના કોઈ એક જ વિષય સાથે સંબંધિત હોય છે. આ ઉપરાંત સામાન્ય રીતે તે સપૂર્ણ એક ગ્રંથ સ્વરૂપે નહિ પરંતુ અલગ અલગ ભાગોમાં તૈયાર થાય છે.

ક્રમિક પ્રકાશનો જે તે વર્ષના ક્ષેત્રને લગતી તેમજ વત્તે ઓછે અંશે એક જ પ્રકારની માહિતી, એક જ સ્વરૂપમાં સમાવિષ્ટ થયેલ હોય છે. સામાન્ય રીતે તેને સંપૂર્ણ ગ્રંથ તરીકે પ્રકાશિત કરવામાં આવે છે. આ ઉપરાંત તેમાં વિવિધ યોગદાનકર્તાઓના લેખો હોતા નથી કે જે જ્ઞાનના કોઈ ક્ષેત્રને સળંગ પ્રદર્શિત કરવામાં આવતા હોય.

El.st. Manorama Yearbook

India who's who

Telephone Directory

### 17.2.3 સામયિકોના સૂચિકરણની સમસ્યાઓ

સામાન્ય રીતે સામયિક પ્રકાશનોમાં આવનારી જટિલતાઓના કારણે તેના સૂચિકરણમાં અનેક પ્રકારની સમસ્યાઓ આવે છે. કેમકે તેના પ્રકાશનમાં કાંઈ પણ સ્થાઈ નથી હોતું. આથી તેના શીર્ષકોમાં પરિવર્તન અને ભિન્નતા થતી રહેતી હોય છે. તેના આકાર-પ્રકાર, પૃષ્ઠ સંખ્યા, ક્રમિકતા નાખી અથવા સંમયિકતા તેમજ તેમની પ્રાયોજિત સંસ્થા (Sponsoring body) વગેરેમાં પણ પરિવર્તન થતું હોય છે અથવા આવા સામયિકો કોઈ અન્ય સામયિકને પોતાનામાં ભેળવી દેતા હોય છે કે અન્ય કોઈ સામયિકમાં પોતે ભળી જાય કે વિલીન થઇ જતા હોય છે. આ તમામ પરિવર્તનોના કારણે સામયિક પ્રકાશનોના સૂચિકરણમાં અનેક મુશ્કેલીઓ આવતી હોય છે. આ સમસ્યાઓના કારણે સામયિક પ્રકાશનોનું સૂચિકરણ કાર્ય ગ્રંથોની સરખામણીમાં વધુ જટિલ, બૌદ્ધિક કાર્ય બની જાય છે.

આ એકમમાં આપને ફક્ત સરળ સામયિકો પુરતી ચર્ચા મર્યાદિત છે ? રાખીશું, આમ છતાં સામયિકોના નામોમાં ફેરફાર થયા હોય તેવા કેટલાક ઉદાહરણો અહી જોઈશું કેમકે તે સામયિકોની સામાન્ય લાક્ષણિકતા ગણાય છે ?

### 17.2.4 સામયિકોની વિશિષ્ટતાઓ

સામયિકોની વિશિષ્ટતાઓ લાક્ષણિકતાઓ નીચે મુજબ છેઃ

(1) કોઈપણ સામયિક તેના શીર્ષક/આખ્યાથી ઓળખાય છે જેમકે "અખંડ આનંદ', "નવનીત સમર્પણ' India Today વગેરે સામયિકોના શીર્ષકો કે આખ્યા છે જેનાથી તે ઓળખાય છે.

(2) સામયિકોની સામાન્ય રીતે નિશ્ચિત સામયિકતા કે ક્રમિકતા હોય છે એટલે કે સામયિકો નિયમિત સમયાંતરે પ્રકાશિત થતા હોય છે. જેમકે દૈનિક (Daily) એટલે કે દરરોજ પ્રકાશિત થતું, સાપ્તાહિક (Weekly) એટલે કે અઠવાડીએ પ્રકાશિત થતું, માસિક (Monthy) પ્રત્યેક મહિને પ્રકાશિત થતું ત્રિમાસિક (Quarterly)ની દર ત્રણ મહિને પ્રકાશિત થતું, વાર્ષિક . પ્રતિ વર્ષે એક વાર પ્રકાશિત થતું.

(3) સામયિકના અંકો જો માસિક સામયિક પ્રગટ થતું હોય તો પ્રત્યેક મહિને એક એટલે કે વર્ષના 12 અંકો પ્રકાશિત થાય. પ્રત્યેક અંકમાં ખંડ volume, સંખ્યા, અંક Issue સંખ્યા તેમજ પ્રકાશન તારીખ કે માસ દર્શાવવામાં આવે છે.

(4) સામયિકના પ્રત્યેક અંકમાં વિવિધ કર્તાઓ દ્વારા લખાયેલા લેખો હોય છે. આ ઉપરાંત ગ્રંથ સમીક્ષાઓ, સમાચારો તેમજ બનાવો, કાર્યક્રમોની જાહેરાતો કે વિગતો જેવી અનેક બાબતોનો સમાવેશ થતો હોય છે.

(5) સામયિકોનું પ્રકાશન સામાન્ય રીતે અનિયતકાળ સુધી કે લાંબા સમય સુધી ચાલુ રાખવામાં આવે તે ઈચ્છનીય હોય છે પરંતુ ઘણીવાર આવા સામયિકો બંધ થઈ જતા હોય છે.

(6) સામાન્ય રીતે વર્ષના અંતે કે વોલ્યુમ કે ખંડ પૂર્ણ થતા અંકોને ક્રમાંક મુજબ ગોઠવી બાંધણી તકો માટે મોકલવામાં આવતા હોય છે બાંધણી વખતે શીર્ષક કે આખ્યા પૃષ્ઠ, અનુક્રમણિકા પૃષ્ઠ તેમજ નિર્દેશિકા કે જે સામાન્ય રીતે વર્ષના અંતે અલગથી પ્રકાશિત કરવામાં આવતી હોય છે તેને એકત્રિત કરી ખંડ સાથે બંધાવવામાં આવે છે. બંધાયેલ આવા ખંડ કે ગ્રંથને ત્યારબાદ પરિગ્રહણ રજીસ્ટરમાં નોંધવામાં આવે છે.

(7) કોઈપણ એક સામયિકના બધા જ ખંડો કે ગ્રંથોનો વર્ગાંક એક સમાન હોય છે પરંતુ, દરેક ગ્રંથ કે ખંડનો ગ્રંથાંક તેમજ પરિગ્રહણાંક અલગ અલગ હોય છે.

## 17.3 સામયિકોના સૂચિકરણના નિયમો અને પ્રક્રિયાઓ (Rules and Procedures Cataloguing)

સામયિકોના સૂચિકરણમાં પણ કોઈપણ પ્રલેખ કે ગ્રંથના સૂચિકરણની જેમ મુખ્ય સંલેખ તેમજ પૂરક સંલેખો તૈયાર કરવામાં આવે છે. અહીં આ વિભાગમાં તે અંગે માહિતી મેળવીશું.

### 17.3.1 મુખ્ય સંલેખ

સીસીસીના નિયમ ક્રમાંક PB10 મુજબ સામયિક પ્રકાશનનાં મુખ્ય સલેખમાં નીચે મુજબના વિભાગો કે ફકરા હોય છે :

(1) અગ્ર વિભાગ

(2) શીર્ષક વિભાગ

(3) સામયિકતા વિભાગ

(4) ગ્રંથમાળા નોંધ વિભાગ

(5) સામયિક ઉપલબ્ધતાનો સંક્ષિપ્ત વિભાગ

(6) આલેખ વિભાગ

(7) સામયિકોના ઉપલબ્ધતાનો પૂર્ણ વિભાગ.

આપણે આ વિભાગો અંગે વિગતવાર માહિતી અહીં જોઈએ.

### (1) અગ્ર વિભાગ (Leading Section):

નિયમ ક્રમાંક PBII મુજબ અગ્ર વિભાગમાં સામયિકનો માત્ર વર્ગાંક જ લખવામાં આવે છે જયારે ગ્રંથોની બાબતમાં આપણે વર્ગાંક અને ગ્રંથાંક બંને લખતા હોઈએ છીએ. સામયિક પ્રકાશનોમાં ગ્રંથાંક એટલે લખવામાં નથી આવતો કેમકે મુખ્ય સંલેખ માત્ર સામયિકના માત્ર એકજ ખંડ માટે નથી હોતો પરંતુ, તમામ ખંડો માટે હોય છે જે ભવિષ્યમાં વખતો વખત ગ્રંથાલયમાં પ્રાપ્ત થશે. અહીં વર્ગાંક પેન્સિલથી લખવામાં આવે છે.

### (૨) શીર્ષક વિભાગ (leading Section):

મુખ્ય સંલેખના શીર્ષક વિભાગમાં સામયિકનું યોગ્ય શીર્ષક એટલે કે આખ્યા લખવામાં આવે છે એટલે કે સામયિકનો સંલેખ આખ્યા હેઠળ તૈયાર કરવામાં આવે છે સામયિકના સંપાદક કે પ્રકાશક હેઠળ નહીં. આપણે જાણીએ છીએ તેમ કોઈ પણ ગ્રંથની આખ્યા શીર્ષક વિભાગમાં લખવામાં આવે ત્યારે તેના પ્રથમ બે શબ્દો કેપિટલ અક્ષરમાં લખવામાં આવે છે તેવું સામયિકની બાબતમાં પણ કરવામાં આવે છે. જો આખ્યામાં પ્રાયોજક સંસ્થા (Sponsoring Body)નું નામ જોડાયેલ હોય તો તેને આખ્યાથી અલગ કરી અલ્પવિરામ ( , ) પછી નાના કૌંશ લખવામાં આવે છે. નાના કૌંશ બાદ પૂર્ણવિરામ મુકવામાં આવે છે.

દા.ત. Journal of the Indian Council of Philosophical Research ને નીચે મુજબ સંલેખમાં લખવામાં આવે છે. JOURNAL, Indian Council of Philosophical Research.

દા.ત. Journal of Mathematical Sciences, Indian Mathematical Society.

JOURNAL OF Mathematical Sciences, (Indian Mathematical Society)

**નોંધ:** ઉપર જણાવેલ નિયમ સામાન્ય રીતે અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થતા સામયિકોના શીર્ષક કે આખ્યાને લાગુ પડે છે કે જે શીર્ષકોની શરૂઆત કે પ્રારંભ Bulletin, Journal, Proceedings અને Transactions શબ્દોથી થતો હોય અને તે પછી સહાયક સંસ્થાનું નામ આપેલું હોય છે. સામાન્ય રીતે પ્રાદેશિક ભાષાઓમાં પ્રકાશિત થતા સામયિકોની આખ્યાઓમાં આ પ્રકારના નામો, પદો આખ્યાની શરૂઆતમાં દર્શાવવામાં આવતા નથી.

**વ્યક્તિકરણ માટેના નિયમો:**

ઘણીવાર એવું જોવા મળે છે કે એક જ શીર્ષક કે આખ્યા ધરાવતા બે કે તેથી વધારે સામયિકો પ્રકાશિત થતા હોય છે. આ સંજોગોમાં પ્રત્યેક સામયિકનું વ્યક્તિકરણ આવશ્યક બની જાય છે જેથી પ્રત્યેક સામયિક ને બીજા સમાન આખ્યા ધરાવતા સામયિકથી અલગ પાડી શકાય. આ માટે સામયિક કે જેનું સૂચિકરણ કરવાનું છે તેનું જ્યાંથી પ્રકાશિત થાય છે તે ભૌગોલિક સ્થળ નાના કશમાં શીર્ષક કે આખ્યા લખ્યા પછી દર્શાવામાં આવે છે.

દા.ત. Indian Express (Mumbai)

Indian Express (Pune)

Indian Express (Delhi)

**(3) સામયિકતા વિભાગ (Periodicity Section)**

સીસીસીના નિયમ ક્રમાંક P B 13 મુજબ સામયિકતા વિભાગમાં બે ભાગ હોય છે

(અ) એક ખંડ જે કેટલા સમયમાં પૂર્ણ થાય છે જેમકે,

1 V per year.

1 V in two years.

(બ) ખંડોની સંખ્યા તેમજ પ્રકાશન ક્યા વર્ષથી શરૂ થયું છે, ક્યાં ક્યાં સુધી ચાલુ રહ્યું છે કે પ્રકાશન સમાપ્ત થઈ ગયું છે.

આ બંને ભાગોને એક મોટા કૌશમાં લખવામાં આવે છે. આ વિભાગ / દ્વિતીય ઊભી રેખાથી શરૂ થાય છે.

દા.ત. [IV per year VI - ; 1980 - ]

[IV in two year. WI- ; 1981 - ]

જો સામયિકનું પ્રકાશન અવિરત પણે ચાલુ હોય, પછી ભલે ગ્રંથાલય તે મંગાવતું હોય કે નહિ તો સામયિકતા વિભાગમાં સૌથી છેલ્લા અંકની ખંડ સંખ્યા કે

તેનું પ્રકાશન વર્ષ લખવામાં આવતું નથી અને સંલેખને પ્રકાશન માટે ખુલ્લું (Open for publication) માનવામાં આવે છે જે ઉપર પ્રમાણે નોંધવામાં આવે છે.

આ વિભાગમાં ઉપર જણાવેલી વિગતો નીચે મુજબના ક્રમમાં નોંધવામાં આવે છે:

માટે નીચે મુજબ વિગતો

(1) એક વર્ષમાં પુરા થતા ગ્રંથ (Volume) માટે નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

- 1 V per year
- ત્યાર બાદ પૂર્ણવિરામ મુકવામાં આવે છે.
- પૂર્ણવિરામ પછી પદ "V" લખવામાં આવે છે.
- V પદ બાદ પ્રથમ ગ્રંથનો ગ્રંથ ક્રમ (દરેક વખતે નહિ) .
- ત્યારબાદ નાની આડી રેખા –

(૨) એક વર્ષથી ઓછા સમયમાં પૂર્ણ થતા ખંડ (volume) માટે, વિગતો નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

- પ્રતિ વર્ષ ખંડો (Volumes)ની સંખ્યા
- ત્યારબાદ પદ - per year પર લખવામાં આવે છે
- બાદમાં અર્ધ વિરામ મુકવામાં આવે છે

એક ખંડમાં બંધાવવામાં આવેલ ભાગોની સંખ્યા જો એક કરતા વધારે હોય તો પદ part per volume જો તે ચાલુ હોય તો ---

ત્યારબાદ પૂર્ણવિરામ મુકવામાં આવે છે.

(3) એક વર્ષથી વધારે સમયગાળામાં પુરા થતા ખંડ માટે નીચે મુજબ વિગતો નોંધવામાં આવે છે.

- પદ 1V for લખ્યા બાદ જેટલા વર્ષે એક ખંડ પૂર્ણ થતો હોય તે વર્ષોની સંખ્યા લખવામાં આવે છે
- સંખ્યા બાદ પદ પર લખવામાં આવે છે.
- હવે અર્ધવિરામનું ચિહ્ન મુકવામાં આવે છે.
- અર્ધવિરામ બાદ ખંડના અલગ અલગ બંધાવેલા ભાગોની સંખ્યા જો એક કરતા વધારે હોય તો.
- ત્યારબાદ પદના part per volume લખી પૂર્ણવિરામ મુકવામાં આવે છે.

**નોંધ :** અનિયતકાલીન સામયિકો માટે સામયિકતા અંગેનું વિવરણ irregular

પદથી શરુ કરવામાં આવે છે.

**(4) ગ્રંથમાળા નોંધ વિભાગ (Seria Note Section):**

જો સામયિક કોઈ ગ્રંથમાળા ધરાવતું હોય તે સીસીસીના નિયમ ક્રમાંક 24 મુજબ જેમ ગ્રંથ માટેના સંલેખમાં ગ્રંથમાળાની નોંધ કરવામાં આવે છે તે પ્રમાણે સામયિકના સંલેખમાં લઘુકૌંસમાં ગ્રંથમાળાની નોંધ કરવામાં આવે છે. ગ્રંથમાળાની નોંધના અંતે બધા ખંડોના ગ્રંથમાળાના ક્રમાંક ઉતરતા ક્રમમાં ક્રમશ: લખવામાં આવે

**(5) સામયિકના ખંડ ઉપલબ્ધતા દર્શાવતો સંક્ષિપ્ત વિભાગ (Holding in Brief Section):**

સીસીસીના નિયમ ક્રમાંક PB15 મુજબ આ વિભાગમાં જે ગ્રંથાલયના સામયિકનું સૂચિકરણ થઇ રહ્યું છે તે ગ્રંથાલયમાં ઉપલબ્ધ તે સબંધિત સામયિક પ્રકાશનના તમામ ખંડોનું પ્રકાશન વર્ષ સાથે ઉલ્લેખ કરવાનો હોય છે. આ માટે ઉપલબ્ધ સામયિકોને નીચે મુજબ દર્શાવવામાં આવે છે :

- આ વિભાગમાં સૌ પ્રથમ પદ “This library has” લખવામાં આવે છે.
- ત્યારબાદ પદ "V" લખી ખંડોની સંખ્યા લખવામાં આવે છે જેમાં સૌથી પ્રથમ ખંડનો ક્રમાંક લખી નાની આડી રેખા ( - ) કરવામાં આવે છે.
- આડી રેખા પછી સૌથી છેલ્લા ખંડની સંખ્યા લખવામાં આવે છે.
- છેલ્લા ખંડની સંખ્યા લખ્યા પછી અર્ધવિરામનું ચિહ્ન મૂકી ઉપલબ્ધ ખંડોમાંથી પ્રથમ ખંડનું પ્રકાશન વર્ષ લખવામાં આવે છે ત્યારબાદ નાની આડી રેખા ( - ) કરી છેલ્લા ખંડનું પ્રકાશન વર્ષ લખવામાં આવે છે

દા.ત. This library has V1-6, 2001-06.

(અ) જો ગ્રંથાલયમાં સામયિક મંગાવવાનું વર્તમાનમાં ચાલુ હોય તો છેલ્લો ખંડ ક્રમાંક અને છેલ્લા ખંડનું પ્રકાશન વર્ષ પેન્સિલથી અંકિત કરવાનું રહેશે અને આવા સંલેખને ખુલ્લો સંલેખ 0 ENG) કહેવામાં આવે છે.

(બ) જો ગ્રંથાલય દ્વારા સામિયક મંગાવવાનું બંધ કરવામાં આવેલ હોય કે તેનું પ્રકાશન બંધ થઇ ગયેલ હોય તેવા સંજોગોમાં છેલ્લો ખંડ ક્રમાંક અને છેલ્લા ખંડનું પ્રકાશન વર્ષ શાહીથી અંકિત કરવામાં આવશે. આનો અર્થ એ થશે કે ગ્રંથાલયમાં તે સામયિક મંગાવવામાં આવતું નથી અથવા તેનું પ્રકાશન બંધ થઇ ગયેલ છે.

જો પરિષદ સામયિકનું સૂચિકરણ કરતા હોઈએ તો નિયમ PB62 અને PB63 નિયમ અનુસાર પ્રત્યેક ખંડ કે ગ્રંથ માટે પ્રત્યેક ખંડ

સંબંધિત માહિતીને પત્રકની ડાબી બાજુના અડધા ભાગમાં દર્શાવવામાં આવે છે. પરિષદના સ્થળને વર્ષ અને ગ્રંથાંકની વચ્ચે લખવામાં આવે છે.

| Volume Number | Year | Place Name | Book Number | Accession Number |
|---|---|---|---|---|
| 1 | 1956 | Patna | N56 | 6622 |
| 2 | 1957 | N57 | Jaipur N57 | 9126 |

**(5) આલેખ વિભાગ (Tracing Section) :**

સીસીસીમાં આલેખ વિભાગને મુખ્ય સંલેખ પત્રકના પાછળના ભાગમાં લખવામાં આવે છે. મુખ્ય સંલેખ પત્રકના પૃષ્ઠભાગને બે સરખા ભાગમાં વચ્ચેથી વિભાજીત કરવામાં આવે છે. જેમાં મધ્યભાગથી ડાબી બાજુ નિયમ ક્રમાંક PBI6 મુજબ સામયિકની ખંડ સંખ્યા, પ્રકાશન વર્ષ, પ્રત્યેક ખંડ ગ્રંથક તેમજ પરિગ્રહણ અંકનો ઉલ્લેખ કરવામાં આવે છે. આ સિવાય બાકીની વિગત એટલે કે પ્રત્યેક વર્ગ નિર્દેશી સંલેખ માટે ઉપયોગમાં લીધેલ શીર્ષકો, નામાંતર સંલેખ સિવાયના પ્રત્યેક વર્ગ નિર્દેશી સંલેખ માટે ઉપયોગમાં લીધેલા શીર્ષકો વગેરેને પત્રકની મધ્યથી જમણી બાજુ નોંધવામાં આવે છે.

**નોંધ:** પત્રકના પૃષ્ઠભાગમાં બધી જ માહિતી સમાવી શકાય તેમ ના હોય તો, નવા પત્રકના આગળના ભાગથી શરૂ કરી પૃષ્ઠભાગ પર તે માહિતી સળંગ દર્શાવી શકાય છે.

આલેખ વિભાગનું માળખુ આ મુજબ હોય છે:

| | |
|---|---|
| Cross Reference<br>Entry (s)<br>Class Number (s) | Class Index Entries<br><br><br>Class Index Entries<br>(arising out of Cross<br>Reference Entries) |

## 7. સામયિકતા ખંડ ઉપલબ્ધતા દર્શાવતો ટૂંકો વિભાગ : (Holding in brief Section)

સામાન્ય રીતે સામયિકોના અંકોને વર્ષ પૂરું થતા ખંડ પ્રમાણે બંધાવવામાં આવે છે. બાંધણીની પ્રક્રિયા પૂર્ણ થતા બંધાયેલ ખંડને પરિગ્રહણ રજિસ્ટરમાં નોંધવામાં આવે છે. પ્રત્યેક ખંડને વર્ગાંક, ગ્રંથાંક અને પરિગ્રહણ નંબર આપવામાં આવે છે. ત્યારબાદ આ ખંડો ગ્રંથાલયના ફલક પર ગોઠવવામાં આવે છે. આવા ખંડો પ્રતિ વર્ષ ઉમેરાતા જાય છે જેથી ખંડની માહિતી જેમકે ખંડ ક્રમાંક અને ક્રમાંકની સાથે તારીખો /મહિનાઓ વગેરે વિષે વિસ્તૃત માહિતી આપવી જરૂરી છે આ સાથે જ પ્રત્યેક ખંડનો ગ્રંથાંક તેમજ પરિગ્રહણ નંબર પણ દર્શાવવામાં આવે છે.

આ વિભાગ માટે એક સળંગ પત્રકનો ઉપયોગ કરવામાં આવે છે. આ પત્રકમાં અગ્રરેખા પર સામયિક પ્રકાશનનાં વર્ગાંકની નોંધ કરવામાં આવે છે. સામયિક પ્રકાશનનાં આ વિભાગની પ્રત્યેક પંક્તિ પર સારણી સ્વરૂપે પ્રત્યેક ગ્રંથ કે ખંડનો ક્રમાંક, વર્ષ, ગ્રંથાંક અને પરિગ્રહણ નંબર લખવામાં આવે છે. ક્રમિક પંક્તિઓ પર ક્રમિક અથવા ઉતરતા ક્રમમાં ખંડોની માહિતી દર્શાવવામાં આવે છે. જો બધા જ ઉતરતા ક્રમના ખંડો મળીને સળંગ ગ્રંથાંક ક્રમ અને સળંગ પરિગ્રહણ નંબર ક્રમ સાથે દર્શાવતા હોય તો આ ભેગી તમામ માહિતીને સમાવિષ્ટ સંજ્ઞાની મદદથી એક જ પંક્તિઓ દર્શાવવા જોઈએ.

દા.ત.

| Volume Number | Year Number | Book Number | Accession Number |
|---|---|---|---|
| 5 – 20 | 1961-76 | N61–76 | 2525 - 40 |

ઉપલબ્ધ પૂર્ણ ગ્રંથોની નોંધ ડાબી બાજુના અડધા ભાગથી જમણી બાજુના અડધા ભાગ તરફ ચાલુ રાખી શકાય. જો સંપૂર્ણ માહિતી પત્રકના આગળ અને પાછળના ભાગમાં સમાવી ના શકાય તો આ માટે વધારાના પત્રકોનો ઉપયોગ કરી શકાય.

આ માહિતી વિવિધ હેતુઓથી ઉપયોગી હોય છે. તે ગ્રંથ મેળવણી માટે ઉપયોગી છે. ઘણા વાચકો સામયિકના ખંડની માંગણી તેના ક્રમાંકથી નહિ પરંતુ વર્ષના આધારે કરતા હોય છે. આ ઉપરાંત કેટલાક વાચકો ગ્રંથના ક્રમાંક કે અંકના ક્રમાંકને બદલે વિશિષ્ટ અંકની માંગ કર્તા હોય છે જેમકે માર્ચ 1990, સપ્ટેમ્બર 2001 વગેરે.

### ગ્રંથોની ઉપલબ્ધતા દર્શાવતા પૂર્ણ વિભાગના આલેખનું માળખું

| | Class Number | | **Continued - 1** |
|---|---|---|---|
| Volume Number | Year Number | Book Number | Accession Number |
| | | | **Continued in the back** |

**વધારાના સંલેખો:**

**ગ્રંથ નિર્દેશી સંલેખો (Book Index Entries):**

સામાન્ય રીતે સામયિકો માટે ગ્રંથ નિર્દેશી સંલેખો બનાવવામાં આવતા નથી તેમજ તેના સંપાદક માટે પણ સંલેખો બનાવવામાં આવતા નથી.

**નામાંતર સંલેખ (Cross Reference Entries):**

સામયિક પ્રકાશન માટે નિયમ ક્રમાંક PB20 મુજબ નામાંતર સંલેખ માત્ર એવા સંજોગોમાં બનેશે જયારે કાં તો તે સ્વતંત્ર ગ્રંથ હોય અથવા અભિનંદન ગ્રંથ હોય. આ સિવાયની પરિસ્થિતિમાં સામયિક પ્રકાશન માટે નામાંતર સંલેખ તૈયાર કરવામાં આવશે નહીં.

સામયિક પ્રકાશનનાં ખંડ માટેના નામાંતર સંલેખના વિભાગો અને માળખું નીચે મુજબ હોય છે?

**(1) અગ્ર વિભાગ Leading Section):**

આ વિભાગમાં સ્વતંત્રપણે અલગ રીતે વર્ગાંકૃત પ્રત્યેક વિશિષ્ટ ગ્રંથ કે ખંડનો સ્થાનક દર્શાવવામાં આવે છે.

**(૨) નિર્દેશક વિભાગ (Directing Section):**

આ વિભાગ બીજી ઉભી રેખાથી અગ્ર રેખાની નીચે આવે છે જેમાં see પદ લખવામાં આવે છે.

**(3) પ્રાપ્તિસ્થાન વિભાગ :**

- See પદની નીચે સામયિકનો વર્ગાંક લખવામાં આવે છે.
- વર્ગાંકની નીચે નવી લીટીથી સામયિકનું શીર્ષક લખવામાં આવે છે.
- ત્યારબાદ શિર્ષકની નીચેની લીટીમાં પદ 5, લખી ગ્રંથનો નિશ્ચિત ક્રમાંક અથવા તેનું વર્ષ કે આ બંને લખવામાં આવે છે. ગ્રંથના ક્રમાંક અને વર્ષની વચ્ચે અર્ધવિરામ મુકવામાં આવે છે

આ સંલેખને સારી રીતે સમજવા માટે સીસીસીના પૃષ્ઠ ક્રમાંક ૪૪૪ના પરના ઉદાહરણને અહીં પુનઃ રજૂ કર્યું છે.

Bp77N30

See

Bm44, NO

Bulletin, Calcutta Mathematical Society.

V20; 1928.

### 17.3.2 વર્ગ નિર્દેશી સંલેખ (Class Index Entry)


ગ્રંથોની જેમ સામયિકો માટે પણ વર્ગ નિર્દેશી સંલેખો તૈયાર કરવામાં આવે છે. વર્ગાંકના છેલ્લા અંકોડા મુજબ વર્ગ નિર્દેશી સંલેખ બનાવવામાં આવે છે. ગ્રંથ માટે ઉપયોગમાં લેવાતા નિર્દેશક શબ્દો સામયિક પ્રકાશન માટે ઉપયોગમાં લેવામાં આવતા નથી.

કોઈપણ સામયિક પ્રકાશનનાં નીચે મુજબ પાંચ પ્રકારના વર્ગ નિર્દેશી સંલેખ તૈયાર કરવામાં આવે છે.

### (1) વિશિષ્ટ વર્ગ નિર્દેશી સંલેખ (Affitional CIFs) :

સામયિક પ્રકાશનનાં વર્ગાકની અંતિમ કડીથી પ્રાપ્ત થતા શીર્ષકથી જે વર્ગ નિર્દેશી સંલેખ તૈયાર કરવામાં આવે છે તેને વિશિષ્ટ વર્ગ નિર્દેશી સંલેખ કહેવાય છે. અંતિમ કડીથી પ્રાપ્ત શીર્ષકને મુખ્ય સંલેખની જેમ અગ્ર વિભાગમાં પ્રથમ ઉભી રેખાથી લખવામાં આવે છે. આ સંલેખમાં બે વિભાગ હોય છે. અગ્ર વિભાગમાં શીર્ષક લખવામાં આવે છે. જયારે બીજા વિભાગમાં એટલે કે નિર્દેશાંક વિભાગમાં નિર્દેશાંક અન કીટ કરવામાં આવે છે.

આ પ્રકારના સંલેખને નીચે મુજબના ઉદાહરણથી સમજીએ




### (2) વધારાના વર્ગ નિર્દેશી સંલેખ (Additional CIEs);

સામયિકો માટે નીચે મુજબના કિસ્સાઓમાં વધારાના વર્ગ નિર્દેશી સંલેખો બનાવાય છે:

(અ) સામયિક પ્રકાશનનું પ્રત્યેક વૈકલ્પિક નામ કે જેમાં તેનું સંક્ષિપ્ત નામ સમાયેલું હોય છે. જે નામથી સામયિક વિશેષ જાણીતું હોય છે.

(બ) સામયિકના નામ સાથે જો સહાયક અંગનું નામ જોડાયેલ હોય તો તેવા સંજોગોમાં સહાયક અંગનું નામ તેમજ સામયિકના નામને પરસ્પર બદલી શીર્ષક તૈયાર કરવામાં આવે છે.

(ક) શીર્ષકમાં સહાયક અંગના વૈકલ્પિક નામનો સમાવેશ થયેલો હોય તો પરસ્પર બદલીને દર્શાવવું.

ઉપર મુજબના તમામ શીર્ષકમાં આખ્યા અને સહાયક અંગની વચ્ચે અલ્પવિરામનું ચિહ્ન મુકવામાં આવે છે.

**ઉદાહરણ:**

CHEMICAL SOCIETY OF JAPAN, bulletin.

Em42, N28

**3) સામાન્ય વર્ગ નિર્દેશી સંલેખ (Generic CIEs):**

આ પ્રકારના વર્ગ નિર્દેશી સંલેખના અગ્ર વિભાગમાં કેપિટલ અક્ષરોમાં PERIODICAL અથવા SERIAL શબ્દ લખવામાં આવે છે તથા દ્વિતીય વિભાગમાં સામયિક પ્રકાશનનું શીર્ષક તથા પ્રાયોજક સંસ્થાનું નામ લખવામાં આવે છે. આ બંનેનું નામનું સ્થાન પરિવર્તિત કરી એક અન્ય સંલેખ તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારે બે સામાન્ય વર્ગ નિર્દેશી સંલેખ બનાવવામાં આવે છે.

**ઉદાહરણ:**

PERIODICAL.

Bulletin, Chemical society of Japan.

Em42, N28

| | | |
|---|---|---|
| | PERIODICAL. | |
| | | Chemical society of Japan, Bulletin.<br>Em42, N28 |

**(4) વૈકલ્પિક વર્ગ નિર્દેશી સંલેખ (Optional CIES):**

આ પ્રકારનો સંલેખ ત્યારે બનાવવામાં આવે છે કે જયારે સામયિક પ્રકાશનનાં વર્ગાંકનો અંકોડો સામાન્ય પૃથકની સંજ્ઞા અને ભૌગોલિક પૃથકના અંકથી સમાપ્ત થતો હોય.

**ઉદાહરણ:**

**વર્ગાંકના ભૌગોલિક અંકથી પ્રાપ્ત કડીનું શીર્ષક**

| | | |
|---|---|---|
| | JAPAN, PERIODICAL, CHEMISTRY. | |
| | | For documents..............Class Number<br>Em42 |

વર્ગાંકના સામાન્ય પૃથકથી પ્રાપ્ત કડીનું શીર્ષક

PERIODICAL, CHEMISTRY.

For documents..... .........Class Number

Em

**(5) સાધારણ વર્ગ નિર્દેશી સંલેખ (Ordinary CIEs):**

સામયિક પ્રકાશનના વર્ગાંકમાં સામાન્ય પૃથક બાદ વધેલા શીર્ષકોથી પ્રાપ્ત સંલેખોને સાધારણ વર્ગ નિર્દેશી સંલેખ કહેવામાં આવે છે.

ઉદાહરણ:

વર્ગાંકના સામાન્ય પૃથકથી પ્રાપ્ત કડીનું શીર્ષક

CHEMISTRY.

For documents...........Class Number E

### 17.3.3 સંચિત અનુક્રમણિકા (Cumulative Index)

સામયિક પ્રકાશનના કોઈ એક ખંડ સાથે તેની સંચિત અનુક્રમણિકા પણ જો રજુ કરવામાં આવેલ હોય તો સામયિક પ્રકાશનના તે ખંડ માટે સીસીસીના નિયમ PB6 મુજબ એક મુખ્ય સંલેખ બીજો તૈયાર કરવામાં આવે છે. આવા સંજોગોમાં નીચે દર્શાવ્યા મુજબના વિભાગો સાથેનો માત્ર મુખ્ય સંલેખ જ બનશે.

(1) અગ્ર વિભાગમાં સ્થાનાંક દર્શાવવામાં આવે છે.

(2) શીર્ષક વિભાગમાં સામયિકનું નામ લખવામાં આવે છે.

(3) અંતિમ વિભાગ એટલે કે ત્રીજા વિભાગમાં મુખપૃષ્ઠ પરથી લીધેલ

ઉદ્ધરણ (Extracts) કે જે અનુક્રમણિકાની પ્રકૃતિ અને વિસ્તાર દર્શાવે છે તેને નોંધવામાં આવે છે. એટલે કે આ વિભાગમાં અનુક્રમણિકાનું ક્ષેત્ર લખવામાં આવે છે.

ઉદાહરણઃ

| | | |
|---|---|---|
| | Im56, | M86 No1 |
| | | Annals of botany.<br>Index to V1-10, 1987-96 |

**વિક્ષેપિત પ્રકાશન (Interrupted Publication):**

કેટલાક સંજોગોમાં સામયિક પ્રકાશનમાં વિક્ષેપ ઉભો થતો હોય છે જે સામયિક સૂચિકરણ કાર માટે અને સમસ્યાઓ પેદા કરે છે જેના ઉકેલ રૂપે સીસીસીમાં કેટલાક નિયમો છે જે સમસ્યાઓ અને તેના નિયમો નીચે મુજબ

**(1) ખંડ ક્રમાંકમાં વિરામ વિના સ્થગિતતા**

**(Suspension without break in volume number):**

નિયમ ક્રમાંક Ph2 મુજબ જો કોઈ સામયિક પ્રકાશન કોઈ વર્ષ કે વર્ષો સુધી પ્રકાશિત ના થયું હોય અને એક સમયાવધિ પછી જે ખંડનું પ્રકાશન ના થઈ શક્યું હોય કે ના થયું હોય તે ખંડ ક્રમાંકથી ફરી શરુ થાય તો એવા કિસ્સામાં ઉપલબ્ધતા વિભાગ પછી Nov in લખી જે વર્ષ/વર્ષો કે જેમાં કોઈ ખંડ પ્રકાશિત ના થયો હોય તે વર્ષ/વર્ષો લખવામાં આવે છે. આ વિગતો વક્રાકાર કોષ્ટક કે કૌશ { } (Curved bracket)માં લખવામાં આવે છે.

મુખ્ય સંલેખ

| | | |
|---|---|---|
| | IM56, | M8 |
| | | Annals of botany<br>[1V year, V1- ; 1887- j.<br>This library has V1-47; 1887-1933.<br>{No V in 1910-13} |

જો ઉપરોક્ત સામયિકનું ગ્રંથાલયમાં મંગાવવાનું ચાલુ હોય તો ૪૭ અને ૩૩ પેન્સિલથી લખવામાં આવે છે જેને પછીના વર્ષો ચેકી (મિટાવી) સૂચિને અદ્યતન રાખી શકાય.

૨) ખંડ ક્રમાંકમાં સ્થગિતતા સાથે વિરામ

નિયમ ક્રમાંક PD2 મુજબ જો કોઈ સામયિક પ્રકાશનનો કોઈ કોઈ એક કે અનેક ખંડ પ્રકાશિત જ ના થયો હોય તો આ પરિસ્થિતિમાં ઉપલબ્ધતા વિભાગ પછી નવી લીટીથી વક્રાકાર કોષ્ટકમાં "ફ" લખી જે ખંડ પ્રકાશિત ના થયા હોય તે ખંડ ક્રમાંક લખવામાં આવે છે ત્યારબાદ not published લખવામાં આવે છે.

## 17.4 સામયિક પ્રકાશનોના ઉદાહરણો (EXAMPLES OF PERIODICAL PUBLICATIONS)

**ઉદાહરણ-1**

| |
|---|
| THE INDIAN ECONOMIC REVIEW |
| Vol. XXIV January-June 1998 Number 1 |

**Other Information :**

| | | |
|---|---|---|
| Class No. | : | Xm44, N65 |
| Acc. No. | : | 4856-4861; 5865-5878 |
| Periodicity | : | One volume per year. |
| Year of Publication | : | 1965 |
| Library Holdings | : | Vols. 8-13 and 16-34 and still being received in the library. |

**મુખ્ય સંલેખ**

Xm44, N65

INDIAN ECONOMIC review.
[IV per year. V1 –; 1965 – ].
This library has V8-13; 1972-77. V16-34; 1980-98.

**Continued in the next card.**

**ગ્રંથોનો પૂર્ણ ઉપલબ્ધતા વિભાગ**

Xm44, N65 **Continued 1.**

| | | | |
|---|---|---|---|
| 8-13 | 1972-77 | 1980-98 | 4856-61 |
| 16-34 | 1980-98 | N80-N98 | 5865-83 |

શીર્ષકમાંના પ્રથમ બે શબ્દો મોટા અક્ષરોમાં લખવામાં આવ્યા છે. ગ્રંથનો અંક 34 અને ગ્રંથનું વર્ષ 1998 પેન્સિલથી લખવામાં આવ્યા છે, જે દર્શાવે છે કે આ સામયિક હજુ પણ ગ્રંથાલયમાં મંગાવવામાં આવે છે. સંલેખ મુદ્રિત હોય ત્યાં આ વિગતની નીચે લીટી દર્શાવવામાં આવે છે.

### વર્ગ નિર્દેશી સંલેખ (વિશિષ્ટ)

INDIAN ECONOMIC review. Xm44,N65

### વર્ગ નિર્દેશી સંલેખ (સામાન્ય)

PERIODICAL

Indian economic review. Xm44,N65

### વર્ગ નિર્દેશી સંલેખ (વૈકલ્પિક)

\

INDIA, PERIODICAL ECONOMICS. Xm44

વર્ગ નિર્દેશી સંલેખ (વૈકલ્પિક)

PERIDOICAL, ECONOMICS. Xm

વર્ગ નિર્દેશી સંલેખ (વૈકલ્પિક)

ECONOMICS. X

આલેખ

Economics.
Periodical, Economics.
India, Periodical,
Economics.
Indian economic review.
Periodical.

ઉદાહરણ - 2

| |
|---|
| Journal of<br>Indian Council<br>of Philosophical<br>Research<br><br>Volume VI Number 1 Sept. 1987<br><br>Editor<br>D.P. Chattopadhyaya<br><br>Indian Council of Philosophical Research<br>New Delhi |

**Other Information :**

| | |
|---|---|
| Class No. | : Rm44,N82 |
| Acc. No. | : 6398-6409 |
| Periodicity | : One volume per year. |
| Year of Publication | : 1982 |
| Library Holdings | : Volume number one onwards. |

**મુખ્ય સંલેખ**

| | | |
|---|---|---|
| | Rm44,N82 | |
| | | JOURNAL, Philosophical (Indian Council of - Research).<br>[1V per year. V1 -; 1982 - ].<br>This library has V1-17; 1982-98.<br><br>**Continued in the next card.** |

ગ્રંથોનો પૂર્ણ ઉપલબ્ધતા વિભાગ

RmA4,N82 **Continued 1**.

| | | | |
|---|---|---|---|
| 1-17 | 1982-98 | N82-N98 | 6398-6414 |

વર્ગ નિર્દેશી સંલેખ (વિશિષ્ટ)

JOURNAL, Philosophical (Indian Council of - Research). Rm44,N82

વર્ગ નિર્દેશી સંલેખ (વિશિષ્ટ)

PHILOSOPHICAL (Indian Council of- Research), Journal. Rm44, N82

વર્ગ નિર્દેશી સંલેખ (સામાન્ય)

PERIODICAL.

Philosophical (Indian Council of -
Research), Journal Rm44,N82

વર્ગ નિર્દેશી સંલેખ (સામાન્ય)

PERIODICAL.

Journal, Philosophical (Indian Council of-
Research). Rm44,N82

વર્ગ નિર્દેશી સંલેખ (વૈકલ્પિક)

INDIA, PERIODICAL, PHILOSOPHY. Rm44

વર્ગ નિર્દેશી સંલેખ (વૈકલ્પિક)

PERIODICAL, PHILOSOPHY. Rm

વર્ગ નિર્દેશી સંલેખ (વૈકલ્પિક)

PHILOSOPHY. R

નામાંતર નિર્દેશી સંલેખ

INDIAN COUNCIL OF PHILOSOPHICAL RESEARCH.

See

PHILOSOPHICAL (Indian Council of – Research).

**આલેખ**

Philosophy.
Periodical, Philosophy.
India, Periodical,
Philosophy.
Journal, Philosophical
(Indian Council of -
Research).
Philosophical (Indian
Council of-Research),
Periodical.
Periodical.
Indian Council of
Philosophical Research.

